રે.દિ.મુ.નંબરઃ–૯૪/૨૦૧૮

**<u>આંક–૧ લગત હુકમ</u>**

સદર દાવો વાદીએ પ્રતિવાદીઓ સામે રૂ.૧,૪૨,૦૦૦/– ના આંક થી વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા તથા બાનાખતનું પાલન કરાવવા તથા રુા.૧૦૦૦/– ના આંકથી કાયમી તાકીદ માટે કરેલ છે. જે દાવાના કામે ના. કોર્ટ દવારા પ્રતિવાદીઓને સમન્સ/ નોટીશ કરવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ દાવાની દાખલ તા.૧/૧૦/૧૮ થી આજદીન સુધી વાદી દવારા જાતે કે પોતાના વિ.વ.શ્રી મારફતે લાંબા સમયથી હાજર રહી દાવાની આગળની કાર્યવાહી ચલાવવામાં આવેલ નથી. તથા હવે ના. કોર્ટ સમક્ષ ચાલતા કેસોની તમામ વિગતો ઓનલાઈન કોમ્પ્યુટર દવારા જાણી શકાતી હોવા છતાં સદર દાવાના કામે વાદી હાજર રહેતા ન હોય લાંબા સમયથી દાવો પેન્ડીગ હોય, હાલના વાદીને સદર દાવો આગળ ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી તેમજ હાલનો દાવો વાદીની નિષ્કાળજીને લીધે લંબાઈ રહેલ હોય તથા આજરોજ પણ વારંવાર પોકાર કરાવતા કોઈ વાદી હાજર ન હોય, તે સંજોગોમાં સી. પી. સી. આર્ડર. ૧૭ રુલ–ર સાથે ઓર્ડર ૯ રુલ ૩ ની જોગવાઈ ધ્યાને લઈ ના. કોર્ટ પાસે અન્ય કોઈ વિકલ્પ રહેતો ન હોય સદર દાવો વાદીની કસુર સબબ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ.૨૦ થી માહે સપ્ટેમ્બર સને.૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૯/૦૯/૨૦૧૯

વાઘોડીયા

(સુભાષચંદ્ર દિનાનાથ ત્રિપાઠી)

એડી.સીવીલ.જજ

વાઘોડીયા

CODE NO. GJ01402